પૂર્વછાયો- ત્યાર પછીની વારતા, સુણજ્યો સહુ રૂડી પેર ।
બરોબરનાં બાળકાં, આવ્યાં હરિને મળવા ઘેર ॥૧॥
આવીને કહ્યું ભાઈને, ક્યાં ગયા હરિ મહારાજ ।
શોધું છું અમે સવારનાં, પણ મળ્યા નહિ એહ આજ ॥૨॥
જેજે સ્થળે જાતાં અમે, તે તો શોધ્યાં સર્વે ઠામ ।
ક્યાંય ન મળ્યા નીલકંઠજી, ઘણું ગોત્યા અમે ઘનશ્યામ ॥૩॥
ત્યારે ભાઈ ભોજાઈ સાંભળી, વળી પેટમાં પડી ફાળ ।
આથમ્યા લગી ન આવિયા, ક્યાં હશે હરિ દયાળ ॥૪॥

—: રાગ વેરાડી :—

એ પછી પડી રાત્ય, ભ્રાત જોઈને રે । હૈયું ન રહ્યું હાથ, દીધું રોઈને રે ।૫।
એ ભોજાઈ તન ભાન, ભુલ્યાં સાંભળી રે । પ્રેમે થઈ પરવશ, પડ્યાં ભોંયે ઢળી રે ।૬।
એ પછી ઉઠી એમ, બોલ્યા વાણીયે રે । સ્વામી શોધી શહેર, એને ઘેર આણિયે રે ।૭।
એ સસરે ભલામણ્ય, આપીતી એહની રે । સાંજ સુધી ખબર, ન લિધી તેહની રે ।૮।

એ એવું જાણી દોય, દર્દે ડોલિયાં રે । ખાન પાન ખબર, સર્વે ભૂલિયાં રે ।૯।
એ અનુજ ઈચ્છારામ, રુવે ઘરમાં રે । પડીયા બેઉ ભાઈ, શોકસાગરમાં રે ।૧૦।
એ મારા ભાગ્યની વાત, કહીએ કેહને રે । બાળપણામાં માયે, મુક્યો દેહને રે ।૧૧।
એ જાણું નીલકંઠ, લાડ લડાવશે રે । તે પણ ગયા ક્યાંય, કેયેં આવશે રે ।૧૨।
એ પછી જોવા કાજ, સર્વે ચાલિયાં રે । નયણે વહે નીર, ન રહે ઝાલિયાં રે ।૧૩।
એ જોયું સર્વે શહેર, બજારું શેરિયું રે । જોયાં ગલી ઘર, ફરીફરી હેરિયું રે ।૧૪।
એ જોયાં ચૌટા ચોક, મંદિર માળિયાં રે । જોયાં મેડી મોલ, જરૂખા જાળીયાં રે ।૧૫।
એમ અટારી ઓવાસ, અગાશી ફળિયાં રે । ગોતતાં ગઈ રાત્ય, નાથ ન મળિયા રે ।૧૬
એ જોઈ સર્વે સીમ, વન વાડિયું રે । સર સરિતા તીર, પોકારું પાડિયું રે ।૧૭।
એ વીર મારા લઈ પ્રાણ, કોને ક્યાં ગયા રે । દિધાં અમને દુઃખ,કેમ નાવી દયા રે ।૧૮।
એ દશરથને દુઃખ, દીધું રઘુનાથજીરે । એમ કીધું તમે આજ, નીલકંઠ નાથજી રે ।૧૯।
એ અમારા જાશે પ્રાણ, પછી આવશો રે । નિંદા કરશે લોક, નમેરા કહાવશો રે ।૨૦।
એ એમ કલ્પે ભાઈ, વીર સાંભરે રે । નહિ એવા નીલકંઠ, વિસાર્યા વિસરે રે ।૨૧।
એ દિયરને વિયોગે, દુઃખે જાય પડી રે । નોતિ કરવી નાથ, અમ પર આવડી રે ।૨૨।
એ કેમ ધરૂં ધીર, મારા મનમાં રે । મૂર્તિ ચડી ચિત્ત, તપિયાં તનમાં રે ।૨૩।
એ ભોજાઈ મનમાંઈ, ચિહ્ન ચિંતવિ રે । હૈયે ન રહી ધીર, દુઃખી બહુ હવી રે ।૨૪।
એ અવલ ઉર્ધ્વરેખ, દોય પગમાં રે । પડતી હશે છાપ, તેની મારગમાં રે ।૨૫।
એ પગ અંગુઠે રેખ, ઓપે આંગળી રે । માનું મણી લાલ, નખ આવલી રે ।૨૬।
એ અંકિત લંકિત પાય, પેની પાતળિ રે । જ્યારે જોઈશ નાથ, ત્યારે લઈશ કળિ રે ।૨૭
એ જંઘા જાનું ઉરુ, ઉભય જોઈને રે, નાભિ નિરખી નેણ, નહિ પુછું કોઈને રે ।૨૮।
એ પડે પેટે વળ, ત્રણ તેહને રે । ઉર તરુતમાલ, ભુલું કેમ એહને રે ।૨૯।
એ ચિબુક મુખમાંય, દંત આવળી રે । ઓપે છે અપાર, જાણું અનારકળી રે ।૩૦।
એ નાસા પાસે તિલ, અવલ ગાલ છે રે । એ બે એધાંણે નાથ, માથે વાળ છે રે ।૩૧।
એ કોમળ સુંદર નેણ, છપાડ્યાં નહિ છપે રે । જેની ભ્રકુટિ જોઈ કાળ, મનમાંહિ કંપે ।
એ અવલ છે એક તિલ, ડાબા કાનમાં રે । સુંદર શોભે ભાલ, છે ભીનાવાનમાં રે ।૩૩।
એ એવો મારો વીર, માં સંતાડજ્યો રે । મારો જીવનપ્રાણ, મને દેખાડજ્યો રે ।૩૪।
એ નાવે બીજો કોઈ એની જોડ્યમાં રે । અણપૂછ્યે ઓળખાય, લાખો ક્રોડ્યમાં રે ।૩૫।

એ યોગી યતિ કોઇ રખે ભોળવો રે । જાણી નાનો બાળ, એને નહિ ઓળવો રે ।૩૬।
એ નરનારીમાંય, જેને જેને મળે રે । કહેજ્યો જાવો ઘેર, ઘરનાં કળકળે રે ।૩૭।
એ ન મળ્યા નીલકંઠ, થયાં બહુ દુઃખી રે । પછી આવ્યાં ઘેર, વિલખી વિલખી રે।૩૮
એ કટિ ઉપર કર, લીયે લડથડિયાં રે । નયણે ચાલ્યાં નીર, દુઃખડાં પડિયાં રે ।૩૯।
એ પછી પોત્યાં ઘેર, ગુણ ખટકે ખરા રે । રાંધ્યાં રહ્યાં અન્ન, નાવી નિંદરા રે ।૪૦।
એ જંખે સર્વે જન, સંભારી શ્યામને રે । ગયા ઘનશ્યામ, ઘેલું કરી ગામને રે ।૪૧।
એ ભાભી ભવનમાંય, જોઈ જણશું રે । હેયે ન રહી ધીર, જોઈ ચિતડું ખશું રે ।૪૨।
એ પડી રહી પાઘ, ન પહેરી ઝુલડી રે । ગયા નાગે પાય, ન પહેરી મોજડી રે ।૪૩।
એ કાંટા ને કાંકર, વીર ખુંચશે રે । લાગશે જ્યારે ભૂખ, ત્યારે કોણ પુછશે રે ।૪૪।
એ એમ કલ્પે ભાઈ, ભોજાઈ મનમાં રે । જાણું છું જીવન, ગયા છો વનમાં રે ।૪૫।
એ વરુ વાનર વાઘ, વસે વનમાં રે । તેથી બિશો તાત, તમે મનમાં રે ।૪૬।
એ વળી રીંછ ભીંછ, રોઝ ચિતરા રે । મહિષા ને માતંગ, વરાહ વન ખરા રે ।૪૭।
એ ભૂત પ્રેત દૈત્ય, રાક્ષસ રાક્ષસી રે । વનમાં ભાવુ ભીલ, વસે હબશી રે ।૪૮।
એ વિકટ હશે વન, સઘન ઝાડથી રે । પડતી હશે ઝર, મોટા પહાડથી રે ।૪૯।
એ દેખી એવું વન, જન જાય ચળી રે । તમે બીશો બાપ, ઘેર આવો વળી રે ।૫૦।
એ ભાઈ ને ભોજાઈ, એમ કળ કળે રે । વાલો પોત્યા વન, કોણ સાંભળે રે ।૫૧।
એ કુટુંબ ને પરિવાર, હાર્યા રોઈને રે । કેનો ન વ્યાપ્યો મોહ, મને નિરમોહિને રે ।૫૨
જાણું સગાં સેણ, નોતાં સ્વપ્રે રે । મેલી વિસારી વાત, વૈરાગ્ય ઉપને રે ।૫૩।
એ લીધી વિકટ વાટ, વાલે વનની રે । નિષ્કુળાનંદને નાથ, ન સુણી સ્વજનની રે ।૫૪

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજ ઘેરથી નિસર્યા ને કેડયે વિલાપ કર્યો એ નામે સત્તાવિસમું પ્રકરણમ્ ।।૨૭।।